પ્રતિ-પરિચય અને સંપાદન-પદ્ધતિ

Introduction

મલયચંદ્ર કૃત 'સિંહાસન બત્રીસી' (રચના સં. ૧૫૧૯) ના આ સંપાદન કાર્યમાં કુલ ત્રણ હસ્તલિખિત પ્રતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વડોદરા, લીંબડી અને મુંબઈના ભારતીય વિદ્યાભવનમાંથી મળેલી એ ત્રણ પ્રતોને સંક્ષેપમાં અનુક્રમે [વ], [લીં] અને [ભા] - નામે ઓળખાવી છે. વ. ને મુખ્ય પ્રત તરીકે સામાન્ય રીતે સ્વીકારી છે. અને બાકીની બીજી બે પ્રતોનાં પાઠાન્તરો નોંધ્યાં છે. એ ત્રણ પ્રતોનો પરિચય નીચે મુજબ છે.

(૧) વડોદરાવાળી મુખ્ય પોથી, વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યામંદિરમાંથી મળી છે. એનો અનુક્રમાંક ૨૪૩૦ છે. એનું નામ 'સિંહાસન બત્રીસી ચઉપઇ' એવું અંતે આપ્યું છે. પ્રતની લંબાઈ ૯ ઇંચ ને ૬ દોરા છે, જ્યારે પહોળાઈ ૪ ઇંચ છે. કુલ્લે ૧૩ પત્ર છે. પ્રથમ પત્રની પહોળાઈ ચાર ઇંચમાં બે દોરા ઓછી છે; જ્યારે બાકીનાં બાર પત્રની ૪ ઇંચ છે. લખાણની લંબાઈ ૮॥ ઇંચ છે. જ્યારે લખાણની પહોળાઈ, પ્રથમ પત્રમાં ૩ ઇંચ ૧ દોરો છે જ્યારે બાકીનાં પત્રોમાં લગભગ ૩ ઇંચ બે દોરા છે. પ્રત્યેક પૃષ્ઠ પર સામાન્ય રીતે ૧૫ લીટીઓ છે. પ્રથમ પૃષ્ઠ પર ૧૪ અને છેલ્લા પર ૭॥ છે. એકાદ પૃષ્ઠ પર ૧૬ લીટીઓ પણ છે. પ્રત્યેક પૃષ્ઠ પર આશરે ૧૪ થી ૧૫ કડીઓ આવેલી છે. પ્રત્યેક લીટીમાં ૪૭ થી ૪૮ અક્ષરો આવેલા છે. આખી પોથી અખંડ છે. કેટલેક સ્થળે અનુસ્વારોનો ભ્રમ થાય છે. એની લિપિ દેવનાગરી છે. અંતે એની રચના સાલ ૧૫૧૯ આપી છે પણ નકલ કર્યાની સાલ આપી નથી, તેમ પુષ્પિકા પણ નથી; પરન્તુ લિપિ ઉપરથી પ્રતિ વિક્રમના સોળમા સૈકાના અંતમાં કે સત્તરમાના પ્રારંભમાં લખાયેલી જણાય છે.

(૨) લીંબડીવાળી પ્રત, લીંબડીના શેઠ આણંદજી કલ્યાણજી જૈન પુસ્તક ભંડારમાંથી પ્રાપ્ત થઈ હતી. એનો અનુક્રમાંક ૨૯૮૬

'બઈસઉ' ને બદલે 'બાઈસઉં' (કડી ૧૨૩) અને 'નિર્ગ્રંથ' ને સ્થાને 'નેરગ્રંથ' (કડી ૨૭૪) વગેરેમાં ઉચ્ચારણની વિચિત્રતા અને આસિયત નોંધપાત્ર છે.

'યુવતી' માટે 'યુતિ' અને 'દેવતા' માટે 'દેતા' જેવા શબ્દો અને 'ઉદારથ', 'ઉધારથ', 'કરીતિ' - 'કીર્તિ' જેવાં નોંધપાત્ર રૂપો પણ જોવા મળે છે.

જૂની ગુજરાતીમાં જૂજ જેનો ઉપયોગ જોવા મળે છે એવું 'નયાસ' ક્રિયાપદ (કડી ૩૫) પણ અહીં વપરાયું છે. 'વીસારયું' (કડી ૩૫), 'આસયું' (કડી ૩૬) નો ક્રિયાપદ તરીકેનો ઉપયોગ પણ નોંધપાત્ર છે.

'હું' કે 'હૂં' માં, 'ઉજેણી' કે 'ઊજેણી' માં જોડણીના હ્રસ્વ દીર્ઘ 'ચઉપઈ'ના બંધને અનુસરતા પ્રયોજાયા છે.

પૂર્વાપર સંબંધ જોતાં, ગ્રાહ્ય પ્રતોમાં જ્યાં સ્પષ્ટ ભૂલો વરતાય છે ત્યાં અર્થ અને પ્રાસની દૃષ્ટિએ સ્વતંત્ર, અક્ષેપ્ય અને સમુચિત શબ્દો યોજી પાઠાન્તરો ઉપજાવ્યાં છે. દા. ત.:-

જિપુહર વેગિ પાઇ ચાલ,
સૂરિજ મંડલિ પહુચઈ તિહાં। (કડી - ૨૨૧ · પાઠાંતર)

— અહીં 'તિહાં' ને બદલે 'તામ' પાઠને સ્વીકાર્યો છે.

વળી ત્રીસમી કથાની ૩૪૨ મી કડીમાં —

સમુદ્ર પય છઈ દશહ કર દેવ

વાહિની વાસઈ કરઈ જુજૂ નેવ - એવો પાઠ છે ત્યાં
૧૩ 'નેવ' ને બદલે 'એવ' જ શુદ્ધ પાઠ લાગે છે. 'એવ' પાઠ તર્કબદ્ધ અને અર્થયુક્ત લાગવાથી સ્વીકાર્યો છે.

વળી અર્થના સ્પષ્ટીકરણ માટે પણ નવાં વિરામ ચિહ્નો ઉમેર્યાં છે. દા.ત. —

વૃદ્ધિ સદાફલ, સુતન સનેહ, વસુહા વાંછિયા વરસઈ મેહ ।
સર્વરસ્ય, ભૂમિ પામહુ ભોગિ, અતિ પુણ્ય વિન ધીસઈ યોગ ॥

હસ્તલિખિત પોથીઓમાં કેવળ પંક્તિને અંતે વિરામ ચિહ્નો હોય છે. વચ્ચે ક્યાંય વિરામ-ચિહ્નો હોતાં નથી. સંપાદનમાં અર્થ પ્રમાણે ઉપજાવી લીધાં છે.

વડોદરાવાળી મૂળ હસ્તપ્રતનાં પૃષ્ઠોનો નિર્દેશ સંપાદનમાં યથાસ્થાને કૌંસમાં કર્યો છે.

જોડણી-વૈવિધ્યની દૃષ્ટિએ, 'લક્ષ્મી'ના અર્થમાં વપરાયેલા શબ્દો — લછી, લછિ, લંછી, લચ્છી, નોંધપાત્ર છે.

આખી પોથીમાં 'ખ' સંજ્ઞા 'ખાંડૂ' 'વખાણ' અને 'પખઇ' (કેટલેક સ્થળે 'પખઈ' પણ છે) — માંડ ત્રણ શબ્દોમાં જ લખેલ છે. 'નિવિસેષ', 'પુરિષ', 'ઉષધ', 'સંષલિ', 'સુશ્રુષા' — આટલાજ શબ્દોમાં 'ષ' નો ઉપયોગ થયો છે. બાકી સર્વત્ર 'ખ' ને બદલે 'ષ' નો ઉપયોગ થયો છે દા.ત.:- દેષાડી, 'પંષાઈ', 'ષણીઉ', સરિષઉ, 'વષાણ', 'ઉપેષઈ', 'ષડગ', 'હરષીઉ', નિરષીઉ, 'ઉલષિઉ', 'આષંત્ર', 'વષાણિઉ', 'સરિષઉ', 'સીષામણ', 'પંષેરિ', 'શિષીઈ', 'સષિયા'. વગેરે.

લીં. ના પાઠાંતરો નોંધવામાં ખાસ મુશ્કેલી નડી હોય એવું લાગ્યું નથી. જ્યારે ભાં૦ માં પાઠાંતરો નોંધતાં ઠીક ઠીક મથામણ થઈ છે. ખાસ

કદાચ બે શબ્દ આઘાપાછા થયા હોય કે મૂળ શબ્દોનું સ્થાન પર્યાયોએ લીધું હોય કે મૂળમાં એક શબ્દ વધ્યો હોય કે ઘટ્યો હોય તે સમજી શકાય તેમ છે પણ ભા૦ પ્રતમાં તો ઘણીવાર પંક્તિનું પૂર્વાર્ધ, ઘણીવાર પંક્તિનું ઉત્તરાર્ધ, ઘણીવાર આખી પંક્તિ અને કોઈક વાર તો આખી કડીના મોટા ભાગના શબ્દોમાં સમગ્રનું રૂપાંતર પામેલું જોવા મળે છે. મૂળના 'અમરિસુ સામિણિ સરસતિ દેવિ'ને સ્થાને 'સરસતિ સામણિ અમરૂ દેવિ' હોય ત્યાં સુધી તો સમજ્યા જાણે, પણ જ્યારે એકાદના આખેય પાદની આવી સ્થિતિ હોય ત્યારે ત્યાં પાઠાંતરના અંક શબ્દવાર પૃથક્ પૃથક્ આપ્યા નથી પણ પદ, પંક્તિ કે કડીવાર આપ્યા છે. મોટે ભાગે ગવાતાં અને કથા કરાતાં આખ્યાનોની માફક, આવું સાહિત્ય પણ ઉપાશ્રયમાં કથા-વિષય બનતું હોય અને કથાકારને હાથે વ્યક્તિવ્યક્તિની જીભમાં ને જીભમાં, મૂળનું આવું રૂપ-પરિવર્તન થવા પામ્યું હોય તે સાવ અસ્વાભાવિક નથી લાગતું.

ધ૦ અને લી૦ પ્રતને મુકાબલે ભા૦ પ્રતમાં નાસિક્યનો પ્રયોગ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જેમકે :- હંત, નીમ, કીમ, જોંતણ, હીમ, પાંમિ, આંણિઉં, ગાંત, તાં, વખાંણિઉ, મંની, તાંખિઉ, ચાંતકિ, પાંમી, માંગિઇં, હંસગતિ, છાંન, ચાંમ, તાંમ,— વગેરે.

પ્રથમ વાર્તાની પદ-ની કડીમાં 'વિજયા કહઈ સુણિ હે નાથરાય' છે— અને બીજી કથાની પહેલી કડીમાં પણ 'બીજી નારિઈ વિજયા ઈશુ'— ત્યાં પણ પૂતળીનું નામ વિજયા છે. ત્રણેય પ્રતોમાં આ પ્રમાણે છે.

ધ૦ અને લી૦માં કથાને અંતે પ્રથમ કથા, દ્વિતીય કથા, તૃતીય કથા— ઉલ્લેખો આવે છે જ્યારે ભા૦ માં 'ઇતિ શ્રી સિંહાસન બત્રીસી કથાયાં પ્રથમ કથા સમાપ્તા ।'— એવા ઉલ્લેખો દરેક કથાને અંતે આવે છે.

આ પ્રતોમાં 'ઈ' ને 'ય' અનુપ્રાસમાં સરખા ગણાતા હોય એમ લાગે છે. જાણીતો હોય 'ઈ' કે લખાણમાં હોય 'ય'

દા. ત.:—

જેહૂ વખાણિઉ અતિ તે <u>રાય</u>
નહી પૂરીએ નાણિઉ <u>જાઈ</u> (કડી. ૯૮૫, ૩૫૧-૫૩)

<u>પ્ર</u>૦ અને <u>બી</u>૦ ની શરૂઆત 'શ્રી સારદાય નમઃ' થી થાય છે. જ્યારે <u>ભા</u>૦ ની શરૂઆત 'શ્રી ગુરુભ્યો નમઃ' થી થાય છે.

આગળ કહ્યું તેમ, આ સંપાદનમાં મુખ્ય પાઠ તરીકે વડોદરાની હસ્તપ્રતનો પાઠ સામાન્ય રીતે સ્વીકાર્યો છે, પરંતુ એ પ્રત પણ કોઈ રીતે ક્ષતિ-રહિત કહી શકાય એવી નથી. એના પાઠ, જ્યાં શુદ્ધિ, અર્થ કે ઔચિત્યની દૃષ્ટિએ અગ્રાહ્ય લાગ્યા છે ત્યાં <u>બી</u>૦ કે <u>ભા</u>૦ ની પ્રતની તુલનાએ ઉચિત લાગતો પાઠ મુખ્ય પાઠ તરીકે સ્વીકાર્યો છે અને તે સ્થાને વડોદરાની પ્રતનો પ્રસ્તુત પાઠ નીચે ટિપ્પણમાં મૂક્યો છે.

— 'સિંહાસન બત્રીસી - વિષયક કૃતિઓ' —

વાર્તા, માનવજીવનમાં અત્યંત પ્રાચીન સમયથી રસનો વિષય બનતી આવી છે. એના વિકાસમાં અનેક પ્રકારના પલટા આવ્યા છે, અને જેમ જેમ વધારે સમય જતો ગયો તેમ તેમ એનું સ્વરૂપ વધારે વિસ્તૃત, કલાત્મક અને વૈવિધ્યમય થયું એમ લાગે છે. શરૂઆતની અત્યંત જૂની વાર્તાઓમાં માણસને પ્રાણીઓ અને પંખીઓ સાથે સંબંધ ધરાવનારી વાર્તા રચાયેલી જોવા મળે છે, કેમકે સંસ્કૃતિના શરૂઆતના કાળમાં માણસ પશુ પંખીઓ સાથે વધારે ગાઢ સંબંધ ધરાવતો હતો અને તેમના જીવનનું નિરીક્ષણ કરતાં એને મનોરંજન અને શિક્ષણ પૂરું પાડે એવી અનેક વસ્તુઓ જોવા મળતી. પ્રાણીઓ પાસેથી એ કેટલાક ગુણ, જેમકે હાથીની કીડીનું સમૂહજીવન ને સહકારની ભાવના, પોપટની ગ્રહણશીલતા, હાથીની ભવ્યતા, શિયાળની લુચ્ચાઈ, કબૂતરની નિર્દોષતા વગેરે શીખતો તેથી જ પશુ પંખીઓની વાતોમાં પશુ પંખીઓ મનુષ્યની માફક વાત કરતાં અને બોલતાં દેખાય છે. જેમ જેમ માણસ પોતાની જાતને પશુપંખીઓ કરતાં વધારે સંસ્કારી માનતો ગયો તેમ તેમ એ માનવજીવનમાંથી જ આ બધી વસ્તુઓ શોધતો ગયો, અને તેમાં ધાર્મિક અને વૈજ્ઞાનિક વિચારણા ભળવાને પરિણામે એક નવો જ વાર્તા-પ્રકાર સર્જાયો ને તેમાં નૈતિક નિરૂપણ, ધાર્મિક ઉપદેશ, ભવ્ય વર્ણનો, ધાર્મિક પુરુષોનાં ચરિત્રનું આકર્ષક નિરૂપણ— ઉમેરાતું ગયું. આવી વાર્તાઓમાં લોકોત્તર પુરુષો વધારેને વધારે પૂજ્ય દેખાય એવા સ્વરૂપે નિરૂપાતા ગયા.

આવી વાર્તાઓમાં અનેક તત્ત્વો એકઠાં થયાં હોય છે. કેટલીક વાર્તાઓ, એક દેશમાંથી બીજા દેશમાં પ્રવાસ કરતી હોય છે અને જે જે દેશમાં જાય છે તે દેશનો રંગ કંઈક અંશે એને લાગે છે. ઘણી વખત શ્રોતાઓ અને વક્તાઓની અસર પણ આવી વાર્તામાં થાય છે. વક્તા ઘણી વખત પોતાના હેતુને અનુકૂળ થાય, પોતાના શ્રોતાઓ પ્રસન્ન થાય એવી રીતે કથા-વસ્તુને નવો રંગ આપે છે, અને પોતાની કથન શૈલી પણ એને અનુરૂપ બનાવે છે.

જૂનામાં જૂની ભારતીય વાર્તાઓની રચનાપરંપરા છેક ઋગ્વેદ સુધી જાય છે અને ત્યાંથી પછીના સમયમાં ઉપનિષદમાં આપણને ૧૭ માનવજીવન અને પ્રાણીઓ વચ્ચેના સંબંધની કલ્પના જોવા મળે છે. રૈક્વ અને સત્યકામની વાર્તાઓ પણ આ પ્રકારની જ છે. મહાભારતમાં, રામાયણમાં અને જૂના પુરાણોમાં તેમજ બૌદ્ધ સાહિત્યમાં આવી વાર્તાઓ ધીમે ધીમે માનવજાતને નૈતિક ભાવના આપનારી વાર્તા-પરંપરાનું સ્થાન લે છે. પતંજલિના વ્યાકરણ જેવા ગ્રંથોમાં પણ આ વાર્તાઓનો ઉલ્લેખ ઉદાહરણરૂપે કરેલો છે.

બૌદ્ધ વાર્તાઓ 'જાતકકથા'ના સ્વરૂપે ખૂબ જાણીતી છે. એ વાર્તાઓના પ્રસંગોનું નિરૂપણ કરતાં શિલ્પો, કેટલાક પ્રાચીન બૌદ્ધ સ્તૂપોમાં મળે છે, જે એ કથાઓની લોકપ્રિયતા દર્શાવે છે. જાતકકથાઓમાં કેટલીક માનવભાવોને લગતી વાર્તાઓ પણ જોવા મળે છે. સંભવ છે કે આવી વાતો મૂળે બૌદ્ધોની રચના ન હોય પણ બીજા ધાર્મિક સાહિત્યમાંથી ઉતરી આવી હોય. જાતકકથાઓમાં ભારતમાં જોવા મળતાં પ્રાણીઓની તેમજ માનવ સ્વભાવમાં કેટલાંક લક્ષણો પ્રગટ કરતી વાતો પણ છે. બૌદ્ધોએ આ વાર્તાઓનો અને તેની સાથે જ તેમાં પ્રગટ થતી ભારતીય સંસ્કૃતિનો ઠીક ઠીક પ્રચાર કર્યો છે.

આ જૂની વાર્તાઓમાં ગદ્ય અને પદ્ય બંનેનો યથાસ્થાને આવશ્યકતાનુસાર ઉપયોગ થયો છે. તે ઉપરાંત પછી કેટલીક વાર્તાઓમાં એક વાર્તાની સાથે બીજી વાર્તાને બહુ કુશળતાપૂર્વક જોડી દેવામાં આવી હોય એવું પણ બનેલું દેખાય છે.

'પંચતંત્ર' પ્રાણીકથાનું સ્વરૂપ વિકસિત રીતે રજૂ કરે છે, કારણ કે એનો મૂળ હેતુ તો રાજકુમારોને શિક્ષણ આપવાનો છે અને તેથી પ્રાણીકથાઓની સાથે જ એમાં સામાન્ય નીતિ અને રાજનીતિને લગતું નિરૂપણ થયું છે. પંચતંત્રની અનેક વાચનાઓ થયેલી છે, તેની વિગતે ચર્ચા ડૉ. સાંડેસરાએ એમના 'પંચતંત્ર'ના વિદ્વત્તાપૂર્ણ સંપાદનમાં કરી છે. મૂળ 'પંચતંત્ર' ઇ.સ. પૂર્વે બસો જેટલાં વર્ષ પહેલાં લખાયું હોય એમ લાગે છે. એનો કર્તા પોતાનો પરિચય એની પ્રસ્તાવનામાં આપે છે તે જોતાં એ બ્રાહ્મણ છે, મહાભારતથી પરિચિત છે, અને 'દીનાર' શબ્દનો

ઉપયોગ કરે છે તેથી કેટલાક 'પંચતંત્ર' ને ખ્રિસ્તી સંવતની શરૂઆતની આસપાસનું માનવા પ્રેરાય છે. એમાં બૌદ્ધ અસર ભાગ્યે જ જોવા મળે છે. મહાભારત અને અર્થશાસ્ત્રની અસર સ્પષ્ટ છે. એની રચના કોઈ કલાકારને હાથે થઈ હોય એમ લાગે છે, કેમકે એક વાર્તામાંથી બીજી વાર્તા તેમાં બહુ સ્વાભાવિક રીતે અને કુશળતાપૂર્વક વિકસાવેલી દેખાય છે. સર્જકનું જ્ઞાન પણ વિશાળ છે અને તેણે એમાં જે જુદી જુદી પરિસ્થિતિમાં પોતાના વિધાનનું સમર્થન કરવા શ્લોકો આપ્યા છે તે કેટલાક પ્રચલિત સંસ્કૃત સાહિત્યમાંથી લીધેલા છે તો કેટલાક તેના પોતાના પણ રચેલા હોય એ સંભવિત જણાય છે. 'પંચતંત્ર' વિષે ટૂંકમાં આટલો નિર્દેશ કરીને તેના ઉપરથી રચાયેલું 'હિતોપદેશ' નામનું વાર્તા-પુસ્તક ઘણે અંશે એના બાહ્ય સ્વરૂપમાં જુદું લાગે છે. એમ છતાં એના સંપાદકે મુખ્યત્વે 'પંચતંત્ર'ની વાર્તાઓ ઉપર જ આધાર રાખ્યો છે. તેમ છતાં કોઈક બીજા અજ્ઞાત વાર્તા-ભંડારમાંથી પણ એણે સામગ્રી લીધી છે ને તેથી ઘણી વખત એ વાર્તાઓમાં ફેરફાર કરે છે.

ભારતમાં બીજા એક પ્રકારની વાર્તાઓ પણ રચાતી હતી. એ વાર્તાઓ વધુ અંશે ધાર્મિક અને નૈતિક વલણવાળી હતી. આપણા ધર્મગ્રંથોમાં અને પુરાણોમાં જે વાર્તાઓ ઉદાહરણો અને આખ્યાનો રૂપે લેવાઈ છે તેમાં ધર્મ, નીતિ, ત્યાગ, તપશ્ચર્યા, સંયમ, વ્રત વગેરેનું મહત્વ હેતુપૂર્વક લખાયેલી વાર્તાઓનું પ્રમાણ પણ ઘણું છે. એમાં ઐહિક જીવનનો તિરસ્કાર નથી પણ એ જીવનની નશ્વરતા તેમજ આધ્યાત્મિક જીવનની સનાતનતા બતાવી હોય છે. આવાં અનેક આખ્યાનો મુખ્યત્વે પૌરાણિક સાહિત્યમાં સંગ્રહાયાં છે અને એનો ધ્વનિ આર્યોને માન્ય શિષ્ટ જીવનપદ્ધતિનું ગૌરવ છે. ઘણાંખરાં કથાનકો અતિ પ્રાચીન સમયમાં બન્યાં હોય એ શૈલીમાં કહેવાયાં છે. એમાં ઐતિહાસિક તત્વ કેટલું એ કહેવું ઘણું મુશ્કેલ છે પણ એમ તો લાગે છે કે એમાંના કેટલાક અંશોમાં ઐતિહાસિક તત્વ હશે. જે વાર્તાઓ આજે ઐતિહાસિક પાત્રોવાળી નથી લાગતી તેમાં પણ ઐતિહાસિક તત્વો હોય તો નવાઈ નહીં.

૧૮ પૌરાણિક સાહિત્યમાં વિશિષ્ટ લક્ષણો તરીકે દેવોની અનેકતા છતાં એમની એકતા ઠસાવવાનો પ્રયત્ન, જે દેવ વિશે વાત ચાલતી હોય તે દેવનું શ્રેષ્ઠત્વ સ્થાપિત કરવાની પ્રણાલી, સૃષ્ટિની ઉત્પત્તિ, વિકાસ ને વિલય–નો વિચાર, દાર્શનિક ચિંતન અને નિરૂપણ, આધ્યાત્મિક જીવનનું ગૌરવગાન, દાન, દમ, દયા, સત્ય, ત્યાગ, વડીલોની સેવા, વ્રતોનું મહત્ત્વ — આ બધાં પુરાણોએ આગ્રહપૂર્વક વારંવાર ને સુંદર રીતે એમાં રજૂ કર્યાં છે. આ બધાંનો આધાર સમાજની સુવ્યવસ્થા જળવાઈ રહે એવાં નૈતિક મૂલ્યો અને સિદ્ધાંતો છે.

આવાં આખ્યાનો અને નૈતિક તત્ત્વવાળી વાર્તાઓ આપણને પાલિ 'થેરગાથા' અને 'થેરીગાથા'માં જોવા મળે છે અને 'પિટકો'માં પણ આવા અનેક પ્રસંગો છે. એ વિશાળ સાહિત્યનો અભ્યાસ આવશ્યક અને મહત્ત્વપૂર્ણ પરિણામો લાવનારો બની શકે એમ છે. અવદાનગ્રંથો એનું સારું ઉદાહરણ પૂરું પાડે છે.

જૈન કથા સાહિત્ય તો બહુ વિશાળ છે. આગમ સાહિત્ય કથાઓથી સભર છે. પ્રાચીનતમ આગમેતર કથાગ્રંથ 'વસુદેવ-હિંડી'થી (ઈ.સ.ના પાંચમા સૈકા આસપાસ) માંડી લગભગ અર્વાચીન કાળ સુધી સંસ્કૃત, પ્રાકૃત અને તદુત્થ ભાષાઓમાં એટલું વિપુલ કથા સાહિત્ય રચાયું છે કે એનો નામ-નિર્દેશ પણ અહીં શક્ય નથી. ગુજરાતી વગેરે ભાષાઓના જૂના વાર્તા સાહિત્ય ઉપર આ જૈન કથા સાહિત્યની ઊંડી અસર છે.

લોકવાર્તાની દૃષ્ટિ મુખ્યત્વે આનંદલક્ષી અને વ્યાવહારિક છે. એમાં સાથે સાથે જ ઉદારતા, ધૈર્ય, પ્રેમ-શૌર્ય, સાહસ વગેરેના ભાવોને પણ મોટા પ્રમાણમાં સ્થાન મળતું એમ લાગે છે. છેક જૂના સમયમાં ઋગ્વેદમાં આવતાં ઉર્વશી-પુરૂરવા જેવાં ઉપાખ્યાનો ત્યારપછી જુદાજુદા બ્રાહ્મણ ગ્રંથો અને પૌરાણિક સાહિત્યમાં ઊતરી આવ્યાં છે, પણ એનો વ્યવસ્થિત સંગ્રહ તો ગુણાઢ્યની 'બૃહત્કથા'માં (ઈ.સ.ના ૧લા સૈકા આસપાસ) પહેલીવાર થયો. ભારતીય લોકપ્રિય વાર્તા સાહિત્યનો તે ઘણો મોટો ભંડાર છે ને પૈશાચી ભાષામાં રચાયેલો હતો અને સૈકાઓ પહેલાં તે લુપ્ત થયો હોઈ તેના ઉપરથી રચાયેલાં કેટલાંક સંસ્કૃત સંસ્કરણો અને સંક્ષેપો માત્ર આપણને મળે છે. 'બૃહત્કથા'ની કાશ્મીરી પરંપરાનો સંક્ષેપ સોમદેવકૃત 'કથાસરિત્સાગર' (ઈ.સ.નો ૧૧ મો સૈકો)

ગુણાઢ્ય વિષે કેટલીક વિગતો આપે છે. તેમાં એને પ્રતિષ્ઠાનના સાતવાહનનો આશ્રિત કહ્યો છે; પણ એની કૃતિ ઉપરથી બુધસ્વામીએ 'બૃહત્કથા શ્લોક સંગ્રહ' (અનુમાને પાંચમો અથવા છઠ્ઠો સૈકો) ક્ષેમેન્દ્રે 'બૃહત્કથા મંજરી' (૧૧મો સૈકો) અને સોમદેવે 'કથાસરિત્સાગર'ની રચના કરી છે તે એની લોકપ્રિયતા બતાવે છે. એટલું જ નહીં પણ 'બૃહત્કથા'ની આયોજના સ્વીકારીને રચાયેલી સંઘદાસગણિની 'વસુદેવ હિંડી' નરવાહનદત્તને બદલે વસુદેવને નાયક તરીકે મૂકે છે અને વાર્તાઓમાં જૈન રંગ ઉમેરે છે.*

ઉદયન વિષે પણ આવી ઘણી વાર્તાઓ રચાઈ છે. 'બૃહત્કથા' અને તેના ઉપરથી રચાયેલ વાર્તાગ્રંથોમાં એના વિશેની વાર્તાઓ ઘણી જોવા મળે છે. ઉપરાંત સંસ્કૃતના શિષ્ટ સાહિત્યમાં કાલિદાસે 'મેઘદૂત'માં અવંતિના ગ્રામવૃદ્ધોને ઉદયનકથાકોવિદ માન્યા છે. મહાકવિ ભાસે પણ ઉદયન વિષે સુંદર સંસ્કૃત નાટકો રચ્યાં છે. સમ્રાટ હર્ષદેવના 'પ્રિયદર્શિકા' અને 'રત્નાવલી' નાટકોમાં પણ ઉદયનની પ્રણયકથાનું નિરૂપણ છે. ઉદયનને 'કથાસરિત્સાગર' વગેરેમાં અને ભાસનાં નાટકોમાં, પાંડવોના વંશમાં ઉત્પન્ન થયેલ એક રસિક, દક્ષ અને દક્ષિણ તેમજ કલાપ્રિય અને વીણાપ્રેમી તરીકે નિરૂપ્યો છે. આ બધી વાતો મૂળ ક્યાંથી લેવાઈ હશે તે અભ્યાસનો એક રસિક વિષય થઈ પડે એમ છે. આ કથાચક્રની વાર્તાઓ પ્રાકૃતમાં અને નવ્ય ભારતીય ભાષાઓના જૂના સાહિત્યમાં રચાઈ છે. ઉપરાંત ઈ.સ.ના પહેલા સૈકામાં રચાયેલી લુપ્ત 'બૃહત્કથા' અને ઈ.સ.ના ૧૧મા શતક સુધીમાં એનાં થયેલાં સંસ્કૃત રૂપાંતરોમાંથી આ વાર્તાઓ ઉતરી આવી છે. એની સાથે સાથે જ જૈન આગમો અને ટીકાચૂર્ણિઓ તથા 'જ્ઞાતાધર્મકથાસૂત્ર' જેવાં જૈન આગમોમાં આ અને આને લગતી અથવા આનાથી સ્વતંત્ર એવી વાર્તાઓ મળે છે. 'બૃહત્કથા'ના પ્રાકૃત રૂપાંતર લેખે રચાયેલ સંઘદાસગણિકૃત વસુદેવ હિંડી (ઈ.સ. પાંચમો સૈકો) પણ આને જ લગતો ગ્રંથ છે. 'તરંગલોલા'* (ઈ.સ.ની ૧લો સૈકો) જેવી અનેક કથાઓ મૂળે લોકકથાઓ હશે પણ તેમને પાછળથી ધાર્મિક સ્વરૂપ આપવામાં આવ્યું હશે. આમાં (આ વાર્તાઓમાં) કોઈ એકજ વ્યક્તિ કથાનાયક તરીકે ભાગ્યેજ જોવા મળે છે પણ એમાં જૂની વાર્તાઓમાંથી

---

* ડૉ. સાંડેસરા, 'વસુદેવ હિંડી' ભાષાંતર પ્રસ્તાવના - પૃ. ૫ થી ૧૫

૨૨

પાત્રો લઈને લખાયેલી વાર્તાઓનો સમાવેશ થાય છે. કેટલીક વાર્તાઓના મૂળ પણ મળતાં નથી. આ વાર્તાઓમાં પ્રણય, ચમત્કાર અને દરિયાઈ જીવનનો મહિમા સ્થળે સ્થળે જોવા મળે છે. તે ઉપરાંત 'કાદંબરી', 'દશકુમાર ચરિત' અને સુબંધુની 'વાસવદત્તા' જેવી આ બધાં સાથે નહીં સંકળાયેલી છતાં રસિકને ચમત્કારપૂર્ણ વાર્તાઓ પણ મધ્યકાળમાં સંસ્કૃતમાં રચાઈ છે. 'દશકુમારચરિત'માં તે સમયના લોકજીવનનું તાદૃશ પ્રતિબિંબ પડે છે. 'કાદંબરી'માં મહાકવિ બાણે જન્મજન્માંતરનો મનોહર પ્રેમ અત્યંત કલામય રીતે વર્ણવ્યો છે. 'વાસવદત્તા' વાર્તા તરીકે અને કથનશૈલીની આકર્ષકતાને કારણે ધ્યાન ખેંચે છે.

વિક્રમને લગતાં વાર્તા-ચક્રો આ પ્રાચીન ભારતીય કથા સાહિત્યનો એક મહત્વનો અંશ છે. 'કથાસરિત્સાગર'માં વિક્રમ વિષયક ઘણી કથાઓ છે. ~~એ ઉપરાંત~~ આ વિક્રમનું વ્યક્તિત્વ અત્યંત લોકપ્રિય છે. ભારતના લોકમાનસમાં વિક્રમનું સ્થાન ભગવાન રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર અને નળ જેવા પુણ્યશ્લોક મહાપુરુષોની સાથે છે. ઐતિહાસિક રીતે આ વિક્રમ ક્યો એ વિષે વિદ્વાનો એકમત થઈ શકતા નથી. તેનું એક કારણ એ છે કે આજે ભારત વર્ષમાં ચાલતો વિક્રમ સંવત ઈ.સ. પૂર્વે ૫૬ વર્ષ પહેલાં શરૂ થાય છે છતાં તે અરસામાં અવંતીમાં એવો કોઈ સમર્થ ચક્રવર્તી થયો હોય એવું ઈતિહાસ સ્પષ્ટ કરતો નથી. ઘણા વિદ્વાનો આ વિક્રમાદિત્ય તે ગુપ્તવંશનો ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય (ઈ.સ.ની પાંચમી સદી) હોય એમ માને છે. સમય જતાં એમની આસપાસ દંતકથાઓનું એક જબ્બર મંડળ રચાવા લાગ્યું હોય એ સંભવિત છે. 'કથાસરિત્સાગર'ના 'શશાંકવતી લંબક'માં એક ત્રિવિક્રમસેનની વાર્તા આવે છે તે જો ગુણાઢ્યની મૂળ 'બૃહત્કથા'માંથી જ લેવામાં આવી હોય તો ઈ.સ.ની શરૂઆતમાં પણ એક વિક્રમ નામે રાજા પ્રસિદ્ધ હતો એમ માનવું પડે, છતાં એ વિક્રમ ક્યો ? — એ વિષે ઐતિહાસિક દૃષ્ટિએ અંતિમ નિર્ણય કરવાનું કાર્ય હજી બાકી છે. પણ કથાસાહિત્યમાં અને પરિણામે જનસમાજમાં વિક્રમનું વ્યક્તિત્વ અર્ધ-ઐતિહાસિક અને લોકકલ્પનાના રંગે રંગાયેલું દેખાય છે.

૨૨

લોકકલ્પનાનો વિક્રમ વીર હોવા છતાં વીરત્વ એના પાત્રનું પ્રધાન લક્ષણ નથી. પરદુઃખભંજકતા અને દાનવીરતા એ જ એનાં પ્રધાન લક્ષણો છે. એને વિશે ઉપલબ્ધ બધી વાર્તાઓમાં એનો ન્યાય, દાનવીરતા, પરદુઃખભંજકતા, સાહસ ને નીડરતા જેવાં લક્ષણો સહેજે જોઈ શકાય છે.

વિક્રમ વિષયક વાર્તાચક્રોમાં 'વૈતાલ પંચવિંશતિકા' કદાચ જૂનામાં જૂનું વાર્તા-સ્વરૂપ હોય. 'બૃહત્કથામંજરી' અને 'કથાસરિત્સાગર'માં એ વાર્તા-ચક્ર જોવા મળે છે. પાછળથી શિવદાસ-જંભલદત્ત તેમજ વલ્લભદાસે આ વિશે કરેલી રચનાઓ પણ મળે છે. 'વૈતાલ પંચવિંશતિ'માં વિક્રમ, યોગીના ઉત્તરસાધક તરીકે વૃક્ષની ડાળે લટકેલું શબ લેવા જાય છે. ત્યાં એ શબમાં રહેલો વૈતાલ એનું મૌન તોડાવવા એની પાસે વારાફરતી કેટલાક કોયડાઓ રજૂ કરે છે, અને વિક્રમ વાર્તાઓમાં એનો સાચો ઉકેલ બતાવે છે.

તે ઉપરાંત વિક્રમ વિશેની કથાઓમાં 'વિક્રમચરિત' અથવા 'દ્વાત્રિંશત્-પુત્તલિકા' પણ અત્યંત લોકપ્રિય કૃતિ છે. અને એમાં વિક્રમનું તેજસ્વી, સદ્ગુણયુક્ત ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. વાર્તાઓનું વાતાવરણ લોકપ્રિય ભાવોને અનુરૂપ છે. એમાં વિક્રમના પાત્રમાં આરોપેલા ગુણોની પ્રશંસામાં લોકો મુગ્ધ બનતા હશે એ કલ્પી શકાય એવું છે. વાર્તા સાથે વ્યાવહારિક જ્ઞાનનો પણ આ એક ભંડાર છે.

આવાં વાર્તા-ચક્રો અને તેમાં ખાસ કરીને આ વાર્તા-ચક્રમાં આનંદલક્ષી દૃષ્ટિની સાથે સાથે વ્યાવહારિક દૃષ્ટિ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આમાં ધર્મનો તિરસ્કાર નથી, એટલું જ નહીં પણ કેટલીક વખત વ્યાવહારિક અને રાજનૈતિક ડહાપણ રજૂ કરતાં કરતાં પણ જીવનમાં ધર્માચરણનું મહત્ત્વ સૂચવાયું છે. તેમ છતાં એનું મુખ્ય નિશાન એ નથી. એમનું મુખ્ય નિશાન તો સામાન્ય પ્રજાને રસ પડે એવી રીતે પૂર્વજન્મનાં વૃત્તાંતો, માનવકથા અને પ્રાણીકથાને જોડે વ્યાવહારિક જીવનના આધારસ્તંભ જેવા સિદ્ધાંતોનું નિરૂપણ કરવાનો છે. એટલે શું વિક્રમની કે શું બીજી વાર્તાઓમાં- વાતાવરણમાં પણ વિશિષ્ટ લક્ષણો જોવા મળે છે. એકંદરે આ વાર્તાઓ પ્રજાના સામાન્ય વર્ગને સમજાય અને આકર્ષક લાગે એવી રસિક, સાદી અને વેધક શૈલીમાં લખાઈ છે. જીવનનાં સારાં નરસાં બેઉ પાસાં એમાં રજૂ થયાં છે.

સદ્ગુણનું ફળ સારું મળે છે એમ બતાવતાં નિરૂપણો સાથે અનીતિમય જીવનનું કેવું વિષમફળ ભોગવવું પડે છે એ નિરૂપતાં કથાનકો પણ એમાં ગુંથાયાં છે.

આવી વાર્તાઓની આ એક મર્યાદા છે. બીજું, પૌરાણિક સાહિત્ય કરતાં જુદું પડી આવતું આ સાહિત્ય માનવસૃષ્ટિની સાથે સાથે માનવેતર સૃષ્ટિ પણ ખડી કરે છે. એમાં દેવદેવીઓ, દાનવો, ભૂતપ્રેતો, પિશાચો, પશુપંખીઓ, મંત્રતંત્રના સૌમ્ય અને ક્રૂર સાધકો પણ ડગલે પગલે જોવા મળે છે. પશુપંખીઓ અને નિમ્નકોટિનાં પ્રાણીઓ એમાં મનુષ્યની માફક જ બુદ્ધિપૂર્વક અને હેતુપૂર્વક વર્તતાં, બોલતાં ચાલતાં અને ક્વચિત શિખામણ દેતાં બતાવ્યાં છે. બહુજનસમાજને કાંતાસંમિતતયા ઉપદેશ આપવાની દૃષ્ટિએ લખાયેલી આવી વાર્તાઓમાં લેખકો જનતાના માનસના સ્તર સુધી ઉતરી શક્યા છે, છતાં એકંદરે આવી કૃતિઓની કલાત્મકતાને હાનિ પહોંચી નથી એમ લાગે છે.

ડૉ. એજર્ટને વિક્રમચરિત્રની વિદ્વત્તાપૂર્ણ આવૃત્તિ પ્રગટ કરી છે. એની પ્રસ્તાવનામાં 'સિં. બ' અથવા વિક્રમચરિત્ર વિષયક 'દ્વાત્રિંશત્ પુત્તલિકા'ની જુદી જુદી પાંચ પરંપરાગત વાચનાઓનો ઉલ્લેખ કરેલો છે. એ સંસ્કૃતમાં જુદે જુદે સમયે અને સંભવત: જુદે જુદે સ્થળે રચાયેલી છે. આમાં એજર્ટન જેને સૌથી પ્રાચીન કહે છે તે દક્ષિણી ગદ્યવાચનામાં કર્તાનું નામ મળતું નથી. સંભવત: એ ઈ.સ.ની ૧૪મી સદીના આરંભમાં રચાઈ હશે એમ ડૉ. હરિવલ્લભ ભાયાણી અનુમાન કરે છે.* આ કૃતિને તેઓ પ્રાચીન માને છે અને તેની પાંચેક જુદી જુદી પરંપરાગત વાચનાઓ થઈ છે એમ કહે છે. ગદ્યમય દક્ષિણી વાચના, લઘુવાચના, પદ્યવાચના, જૈનવાચના અને વરરુચિવાચના — એવાં જુદાં જુદાં નામો એને એજર્ટને ઓળખાવી છે. એજર્ટન એમ પણ કહે છે કે દક્ષિણી વાચના સૌથી વધુ મૌલિક છે.

---

* ડૉ. હરિવલ્લભ ભાયાણી, 'વદિના'ની માર્ચ ૧૯૫૩ માં 'સંસ્કૃત સિં. બ.' એ નામે લેખ.

તેમાં વાર્તાઓ વિસ્તારથી કહેવાઈ છે. ક્યાંક શ્લોકો પણ પ્રયોજવામાં આવ્યા છે. અને સામાન્ય રીતે ગદ્ય સરલ હોવાને કારણે આ આ વાચનાનો કર્તા કોઈ સમર્થ સિદ્ધહસ્ત કલાકાર હોવાને બદલે શિખાઉ લેખક હોય એવી છાપ પડે છે. આ કૃતિની પદ્યવાચનામાં કવિએ પુરોગામી કવિઓની કૃતિઓમાંથી શ્લોકો ઘણા લીધા છે. અને પોતે મુખ્યત્વે અનુષ્ટુપ છંદમાં રચના કરી છે. શૈલીના સૌન્દર્ય તરફ એણે ઠીક ઠીક ધ્યાન આપ્યું છે. સંક્ષિપ્ત વાચના અથવા લઘુવાચનામાં મૂળ કૃતિનો (દક્ષિણી વાચના) સંક્ષેપ કરવાનો પ્રયત્ન છે. ક્યાંક સ્થળે તેથી વાર્તાને કલાદૃષ્ટિએ હાનિ પણ પહોંચે છે. જૈનવાચના વિશે કેટલાક વિદ્વાનો — હર્ટલ, વેબર અને બીજા માને છે કે એ મૂળ વિક્રમચરિત હશે* પણ એજર્ટન આ વાચનાને મૂળવાચના ગણતા નથી. તેમના મત મુજબ સંભવત: આ ક્ષેમંકરે રચેલી કૃતિ છે. એની ભાષા સાદી, સરળ, વેગવતી અને સંક્ષિપ્ત છે. કલાદૃષ્ટિએ પણ એની વાર્તાઓ એકંદરે સારી છે. એની પ્રાસ્તાવિક વાર્તા બીજી જૈનેતર પરંપરાઓમાં જે વાર્તા આપવામાં આવી છે તેના કરતાં જુદી પડે છે. એમાં જૈનધર્મનું અને જૈન આચાર્યોનું ગૌરવ કરતા કેટલાક પ્રસંગો ઉમેરવામાં આવ્યા છે. ક્ષેમંકરની કૃતિમાં વાર્તાની શરૂઆતમાં ઘણી વખત બે ત્રણ શ્લોકો આપેલા હોય છે. એમાં વાર્તાનું વસ્તુ સૂચવ્યું હોય છે. આખી કૃતિમાં જૈન અસર આગળ પડતી છે, અને બ્રાહ્મણ અસર સૂચવનાર કોઈ તત્ત્વ જોવા મળતું નથી. વારરુચ વાચનામાં ખાસ કશી ભાત લાગતી નથી. જૈન વાચનાનું તે નબળું અનુકરણ છે.[૨] આ પાંચેય વાચનાઓમાં કંડિકા તેમજ કથાઓના ક્રમમાં નોંધપાત્ર તફાવત જણાય છે.

---

* એજર્ટન, 'Vikrama's Adventures', પ્રસ્તાવના, પૃ.૩૫

૨ 'વારરુચ વાચના'ને એજર્ટન બંગાળી વાચના પણ કહે છે. વેબર, એનો કર્તા વરરુચિ હોવાથી તેને વારરુચવાચના નામે ઓળખાવે છે. જુઓ એજર્ટનનું 'Vikrama's Adventures' – પ્રસ્તાવના, પૃ.૨૫.

દક્ષિણી વાચના કૃતિનું નામ 'વિક્રમાર્ક ચરિત', પદ્યવાચના 'વિક્રમાદિત્ય ચરિત', સંક્ષિપ્ત અથવા લઘુવાચના 'સિંહાસનકથા' અને જૈનવાચના 'સિંહાસન દ્વાત્રિંશિકા' - એવું આપ્યું છે. 'સિંહાસનદ્વાત્રિંશિકા' અથવા 'દ્વાત્રિંશત્પુત્તલિકા' એવું નામ પણ આ કૃતિને અપાયું છે કેમકે સિંહાસન ઉપરની બત્રીસ પૂતળીઓએ આ વાર્તાઓ કહી છે.[1] ગુજરાતી ભાષામાં પણ એને 'સિંહાસન બત્રીસી' અથવા 'બત્રીસ પૂતળીની વાર્તા' કહે છે. જો મૂળ કૃતિની વિભિન્ન વાચનાઓ તરીકે આ પાઠ-પરંપરાઓ મળે છે તો કૃતિની રચના ક્યારે થઈ એ નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ નથી. પણ ૧૧મી સદી પછી એની રચના થઈ છે એ નિશ્ચિત છે કેમકે ભોજ જેનો આ વાર્તામાં ઉપનાયક તરીકે ઉલ્લેખ છે તે ઈ.સ. ૧૦૧૮ અને ઈ.સ. ૧૦૬૦ વચ્ચે રાજ્ય કરતો હતો. એમાં આનગી વાર્તામાં હેમાદ્રિના દાનખંડનો ઉલ્લેખ છે અને હેમાદ્રિ ૧૩મી સદીમાં થયા છે એટલે ૧૩મી સદીમાં કે ત્યારબાદ આ કૃતિ રચાઈ હોય. કૃતિના કર્તા તરીકે નંદીશ્વર યોગી, કાલિદાસ અને વરરુચિનાં નામ આપવામાં આવે છે. પણ એ સાચી લાગતાં નથી. જૈન વાચના મૂળ મહારાષ્ટ્રી વાચના ઉપરથી ક્ષેમંકર મુનિએ રચી છે. તેઓ શ્વેતાંબર આચાર્ય હતા તેમજ 'ષટ્ પુરુષ ચરિત્ર'ના કર્તા હતા.[2] ક્ષેમંકરની રચના મહારાષ્ટ્રી પ્રાકૃત ઉપરથી થઈ છે, અર્થાત્ તે ભાષામાં આ પૂર્વે 'સિં.બ.' રચાઈ હતી.[3]

જૂના ગુજરાતી સાહિત્યમાં અનેક કવિઓએ લખેલી વિક્રમ વિષયક અને બીજી લોકવાર્તાઓ મળે છે એની મૂળ આમ સંસ્કૃત અને પ્રાકૃતમાં જે બહુસંખ્ય કથાગ્રન્થો રચાયા છે તેમાં છે, એટલે આ સર્વ સાહિત્ય કૃતિઓનો અંતિમ સ્રોત તો પ્રાચીન લોકપ્રચલિત વાર્તા-સાહિત્ય હતું એ ધ્યાનમાં રાખવાનું છે. જેમ જેમ સમય વહેતો ગયો તેમ કવિઓએ તેમાં અનેક વસ્તુઓ પોતાની પ્રતિભા અને કલ્પનાના બળે ઉમેરી અને પોતપોતાના યુગના લોકમાનસ અને લોકરુચિને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

---

[1] એજર્ટન, 'Vikrama's Adventures' પ્રસ્તાવના, પૃ.૪૯.
[2] " " " " પૃ.૫૫.
[3] " " " " "

હમણાં જેનો ઉલ્લેખ કર્યો તે ક્ષેમંકરકૃત સંસ્કૃત 'સિંહાસન દ્વાત્રિંશિકા' (સં. ૧૪૫૦ આસપાસ) એ આ વિષય ઉપર ગુજરાતમાં થયેલી જૂનામાં જૂની રચના છે. ત્યારપછી દેવમૂર્તિએ (સં. ૧૪૭૦માં) એમની 'વિક્રમચરિત્ર' નામે મોટી પદ્યકૃતિમાં ૧૪મો સર્ગ વિક્રમની 'સિં. બ'ની વાર્તાઓનો લખ્યો છે. ત્યાં એમણે બહુ સરળ રીતે અને કંઈક સંક્ષેપમાં 'સિં. બ'ની વાર્તાઓ આપી છે. ત્યારપછી રામચંદ્રમુનિએ (સં ૧૪૯૦માં) કાવ્યમાં સંસ્કૃતમાં ક્ષેમંકરને આધારે 'વિક્રમચરિત્ર' કાવ્ય રચ્યું છે.* તેનું ગુજરાતી ભાષાંતર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કર્યું છે. આ કવિ સરળતાપૂર્વક વાર્તા કહેવાની સાથે સાથે પોતાની બહુશ્રુતતાનો પણ પરિચય આપે છે. ભાષાપ્રભુત્વ, છંદ અને અલંકાર પ્રભુત્વ, શબ્દનો સમુચિત વિનિયોગ, અનેક શાસ્ત્રોનો પરિચય અને તેનો યોગ્ય સ્થળે ઉપયોગ, અને જૈન ધર્મનું માહાત્મ્ય — આ પ્રૌઢ અને સંસ્કૃત કાવ્યપરંપરાને અનુસરતી કૃતિમાં ઊડીને આંખે વળગે તેવાં લક્ષણો છે. આ ઉપરાંત પ્રસિદ્ધ આચાર્ય મુનિસુન્દરસૂરિના શિષ્ય શુભશીલગણિએ (સં ૧૪૯૯) 'વિક્રમચરિત્ર' લખ્યું છે.[1] પણ તેમાં 'સિં. બ'નું વાર્તાચક્ર નથી. ૧૯મા સૈકામાં, બંગાળી પંડિત જીવાનંદ વિદ્યાસાગરે પણ સંસ્કૃતમાં 'સિંહાસન દ્વાત્રિંશિકા'ની વાર્તાઓ લખી છે. આ ઉપરાંત ગુજરાતના પ્રાચીન ગ્રંથભંડારોમાં, વિક્રમ વિષયક અનેક નાનીમોટી કૃતિઓ મળે છે જેનો આ ગ્રંથમાં આપણે અવારનવાર ઉલ્લેખ કરીશું.

---

* સ્વ. મણિલાલ ન. દ્વિવેદીનો શ્રી રામચંદ્રસૂરિના 'વિક્રમચરિત્ર'નો અનુવાદ, પૃ. ૪૫૮, કડી ૩૧ થી ૩૪.

૧. શ્રી ભગવાનદાસ હરખચંદ દોશીએ ચાર પ્રતોને આધારે આ ગ્રંથનું સંપાદન કર્યું છે. એમાંની ક, ખ, ગ. સંજ્ઞાવાળી ત્રણ પ્રતિઓની પ્રશસ્તિમાં 'વિક્રમચરિત્ર'નો રચનાકાળ સં. ૧૪૯૯ જણાવ્યો છે. પરંતુ વીરના ઉપાશ્રયના જ્ઞાનભંડારની 'ઘ' સંજ્ઞાવાળી પ્રતિની પ્રશસ્તિમાં તેનો રચનાકાળ વિ. સં. ૧૪૯૦ કહ્યો છે. વિ. સં. ૧૪૯૦ કે ૧૪૯૯માં આ ગ્રંથની પૂર્ણાહુતિ કરવામાં આવેલ છે.

'સિં. બ' વિષેની રચનાઓમાં ક્ષેમંકરના સંસ્કૃત ઉપરથી મલયચંદ્રે જૂની ગુજરાતીમાં (સં ૧૫૧૯ = ઇ. સ. ૧૪૬૩) 'સિં. બ' લખી. ત્યારપછી જૈન અને જૈનેતર કવિઓએ ઠીક ઠીક પ્રમાણમાં આ વિષયમાં રચના કરી છે. એમાં ઉપલબ્ધ કૃતિઓના કર્તા એક અજ્ઞાત બ્રાહ્મણ કવિ, જ્ઞાનચંદ્ર, અજ્ઞાત ગદ્ય વાર્તાકાર, સિદ્ધિસૂરિ, મધુસૂદન, હીરકલશ, સંઘવિજય, વિનયલાભ, સુંદરજી અને શામળ છે. રાજસ્થાની પરંપરામાં પણ આપણને હૈદાસ અને અજ્ઞાત ગદ્ય વાર્તાકારની કૃતિઓ મળે છે. સંઘવિજયે જે 'સિં. બ' વિષયક રચના કરી ત્યારપછી સુંદરજી સં ૧૭૫૬માં પોતાની કૃતિ રચે છે. સિંહાસન બત્રીશી વિષયક આ કૃતિ બીજી કૃતિઓ કરતાં કેટલીક મહત્ત્વની બાબતોમાં જુદી પડે છે. અને કવિત્વની દૃષ્ટિએ પણ સારી ગણાય એવી છે. એને વિષે વિગતે વિચાર સુંદરજીની કૃતિનો અભ્યાસ કરતાં યથાસ્થાને રજૂ કર્યો છે.

શામળ આ વાર્તા પરંપરાનો અને વિક્રમ વિષયક કથાઓ લખનાર છેલ્લો પણ સૌથી લોકપ્રિય અને લોકવિખ્યાત કવિ છે. એણે પોતાની વિક્રમ વિષયક વાર્તાઓથી એની આગળના કવિઓના કાર્યને ઘણે અંશે ઢાંકી દીધું છે. આ કવિએ પોતાની 'સિ. બ'ની રચના સં. ૧૭૭૭માં શરૂ કરી, સં ૧૭૮૫માં પંદર વાર્તાઓ પૂરી કરી અને બાકીની વાર્તાઓ ત્યારપછી રખીદાસના આશ્રયે સિંહુજમાં રચી.

પરંપરાથી ચાલી આવેલી આ વાર્તાઓનો પરિચય, જૈનપરંપરા ઉપરાંત કોઈક બીજી રીતે પણ એણે મેળવ્યો હશે. એ સ્પષ્ટ છે. આગળ ઉલ્લેખેલી બધીજ કૃતિઓ એણે જોઈ હશે. એમ માનવાનું ખાસ કારણ નથી, પણ આ કવિ એની સાદી કૃતિઓમાં સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી અને અન્ય પરંપરાઓમાં લખાયેલી આ વિષય ઉપરની કૃતિઓનો સારો પરિચય સ્થળે સ્થળે પ્રગટ કરે છે. એણે પરંપરાગત વાર્તાક્રમમાં ફેરફાર કર્યો છે, તેમજ કેટલીક વાર્તાઓ નવી પણ રચી છે અને તેમને જૂની વાર્તાઓને સ્થાને ગોઠવી દીધી છે. કહેવાય બત્રીસ વાર્તાઓ, પણ શામળે એ બત્રીસ વાર્તાઓમાં આડકથાઓ સમેત લગભગ ૮૦ જેટલી વાર્તાઓ કહી નાખી છે.

અર્વાચીન કાળમાં હિંદીમાં લલ્લુલાલજીએ પણ સિંહાસન બત્રીશી લખી છે. —

રાજા વિક્રમ વિશે પુષ્કળ સાહિત્ય લખાયેલું મધ્યકાલીન ગુજરાતીમાં જોવા મળેછે. આમાં કેટલીક કૃતિઓ મૂળ સંસ્કૃત વાર્તાઓને વફાદારીપૂર્વક અનુસરેછે. જ્યારે કેટલીકમાં કવિઓએ પોતપોતાની રુચિને પોતાના યુગના શ્રોતા કે વાંચક વર્ગની રુચિને અનુસરીને ફેરફારો કરેલા છે. આવા ફેરફારોનું સૂચન તેમને, આજ વિષય ઉપર લખનાર પોતાના પુરોગામીઓ તરફથી અથવા ગલ્યાગાંઠ્યા લેખકોની બાબતમાં બીજી ભાષાઓમાં લખાયેલી વાર્તાઓમાંથી પણ મળ્યું હોય. આટલી મોટી સંખ્યામાં કૃતિઓ રચાઈ હોવા છતાં મૂળમાં કરેલા ફેરફારો બહુ ઓછી જગ્યાએ વાર્તાઓને ચમત્કાર કે આકર્ષક બનાવી શક્યા છે. બાકીના ફેરફારોમાં કલાદૃષ્ટિએ કે સાહિત્યિક ઔચિત્યની દૃષ્ટિએ બહુ ઓછું વિત્ત જોવા મળેછે. પણ જમાને જમાને આ વાર્તાઓની નવી આવૃત્તિઓ, નવાં સંસ્કરણો થયાં દેખાયછે તે આ વાર્તાઓની લોકપ્રિયતા બતાવેછે. કેટલાંક સંસ્કરણો આપણી પાસે આવી શક્યાંછે તેનું શ્રેય જૈન ભંડારોને આભારીછે. જ્યારે જૈનેતર કવિઓનાં કાવ્યોમાં તો શામળની કૃતિઓ એટલી બધી લોકપ્રિય બનીછે કે એજ વધારે પ્રચલિત રહીછે. અને બીજા કવિઓની કૃતિઓ એમ પડછે વિસ્મરણના ગર્તમાં ચાલી ગઈછે. હવે પ્રાચીન કાવ્યોના અભ્યાસ, સંશોધન સંપાદનની પ્રવૃત્તિ જેમજેમ વધારે મહત્વની બનતી જાયછે તેમતેમ આવી કૃતિઓ પાછી પ્રકાશમાં આવેછે.

આટલા પ્રાસ્તાવિક પછી સંસ્કૃત અને જૂની ગુજરાતી આદિમાં રચાયેલી જે વિવિધ કૃતિઓ હું મેળવી શક્યો છું એની કાલાનુક્રમે સમીક્ષા રજુ કરીશ.